ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ઐતિહાસિક : નરાધમને અંતિમ શ્વાસ સુધી જેલ

## માત્ર ૨૭ દિવસમાં જ સાંતેજ દુષ્કર્મ-હત્યા કેસના આરોપી વિજય ઠાકોરને અંતિમ શ્વાસ સુધી કેદની સજા ફરમાવતી ગાંધીનગર કોર્ટ

ગાંધીનગર તા ૧

કલોલના રાંચરડામાં શ્રમિક પરિવારની ત્રણ વર્ષની માસુમ બાળકીનુ તેના ઘરેથી અપહરણ કરીનો બાઈક પર અવાવરી જગ્યાએ લઈ જઈને તેના પર બળાત્કાર ગુજારી તેણીની નિર્મમ



હત્યા કરવાના કેસમાં ગાંધીનગર સ્પે પોકસો બીજી એડીશનલ કોર્ટે આ કેસના આરોપી વિજય ઠાકોરને જીવનના અંતિમ શ્વાસ સુધી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. આરોપી વિરુધ્ધ બળાત્કારના બે ગુન્હાની ચાર્જશીટ પણ પોલીસે રજુ કરી છે આ મામલે પણ ટુંકમાં સુનાવણી હાથ ધરાશે. અડીશ્નલ કોર્ટે કેસ શરૂ થયાના માત્ર ૯ દિવસના ટુંકા સમયગાળામાં જ ચુકાદો આપ્યો હોય તેવી જિલ્લાની આ પ્રથમ ઘટના છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજ વિસ્તારમાં માસુમ બાળકીઓ પર દુષ્કર્મ આચરવાના કીસ્સાઓ પ્રકાશમાં આવતા સમાજમાં પણ આ મામલે અત્યંત ધૃણા ઉદભવી હતી. દિવાળીના પર્વ દરમિયાન જિલ્લાની હદમાં જ આ પ્રકારના અમાનવીય ગુન્હાઓ આચરવામાં આવતા સમાજ જીવનમાં ઘેરી ચિંતા પ્રવર્તી હતી. આ દરમિયાન રાંચરડામાં શ્રમિક પરિવારની ત્રણ વર્ષની બાળકીનુ તેના ઘરેથી અપહરણ કરી બાઈક પર બેસાડી વિરાન જગ્યામાં લઈ જઈને માસુમ પર બળાત્કાર ગુજારવાની સાથે તેની હત્યા કરવાની ગંભીર ઘટના પણ સામે આવી હતી. માસુમ પર દુષ્કર્મ આચરવાની સાથે તેની હત્યા કરવાના કેસમાં પોલીસ દોડતી થઈ હતી. પોલીસ તપાસ દરમિયાન આસપાસના વિસ્તારમાંથી સી સી કેમેરાના ફુટેજની ચકાસણી કરતા શંકાસ્પદ બાઈકના આધારે કલોલના વાંસજડામાં રહેતા ૨૬ વર્ષીય આરોપી વિજય પોપટજી ઠાકોરને પોલીસે ઝડપી લીધો હતો. જયારે પોલીસ પુછતાછ દરમિયાન બળાત્કારની ત્રણ ઘટનાઓનો ભેદ ઉકેલાયો હતો. જયારે પોલીસે ઘટનાની ગંભીરતા સમજી ઉંડાણપુર્વકની તપાસ કરી માત્ર આઠ જ દિવસમાં કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ. જયારે સરકારના આદેશ મુજબ આ કેસ ગાંધીનગરની સ્પે પોક્સો ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવાનો નિર્ણય લેવાયો હતો. જયારે આ મુજબ તા ૧૮ નવેમ્બરથી આ કેસ અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણીના દિવસો દરમિયાન સરકારી વકીલ, સાહેદો, તપાસ કરનાર અધિકારી, પંચો , એફ એસ એલના અધિકારીઓની જુબાની લેવામાં આવી હતી. આ ઉપરાંત ડી એન એમાં પણ બાળકીના કપડા તેમજ ગુપ્ત ભાગેથી મળેલા નમુના આરોપીના સ્પર્મ સાથે મળતા કેસને વધુ મજબુત કડી મળી હતી. આ કેસ સંદર્ભે મુખ્ય સરકારી વકીલ હીતેશ રાવલના માર્ગદર્શન હેઠળ સરકારી વકીલ સુનિલ પંડયાએ કોર્ટમાં દલીલો કરી હતી જેમાં રેરેસ્ટ ઓફ ધ રેર કેસ ગણીને ઓરોપીની ઉંમરનો ધ્યાનમાં રાખી માત્ર આજીવન કેદની સજા કરવી જોઈએ નહી પરંતુ સર્વોચ્ચ અદાલતે અન્ય ઘણાં કેસમાં જે ઠેરવ્યુ છે તે મજુબ સંજોગો અને કારણોને ધ્યાનમાં રાખી દેહાંત દંડની સજા કરવા આપી સમાજમાં દાખલો બેસાડવો જોઈએ તેમ પણ જણાંવ્યુ હતુ.

સરકારી વકીલોની દલીલો અને પુરવાને ધ્યાનમાં રાખી ગાંધીનગરની સ્પે પોક્સો કોર્ટના બીજા એડીશ્નલ સેસન્સ જજ એસ એન સોલંકીએ આરોપી વિજય ઠાકોરને કલમ ૩૭૬ એ બી ના ગુન્હામાં જીવનના છેલ્લા શ્વાસ સુધી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. આ ઉપરાંત પોલીસે ઓરોપી સામે અન્ય બે બળાત્કારના ગુન્હાઓની ચાર્જશીટ પણ કરવામાં આવી છે. જયારે આ બન્ને કેસ સંદર્ભે પણ આગામી દિવસોમાં સુનાવણી હાથ ધરાશે.

### ફાંસીની સજા થાય તે માટે ઉચ્ચ અદાલતમાં અપીલ કરીશુ : મુખ્ય સરકારી વકીલ હિતેષ રાવલ

સાંતેજમાં ત્રણ વર્ષની માસુમ બાળકી પર બળાત્કાર ગુજારી તેની હત્યા કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે ઝડપી ચુકાદો આપી એક દાખલો બેસાડયો છે. જયારે આરોપીને દેહાંત દંડની સજા કરવામાં આવી છે. આ મામલે મુખ્ય સરકારી વકીલ હીતેશ રાવલના માર્ગદર્શન હેઠળ કોર્ટમાં સરકારી વકીલ સુનિલ પંડયાએ દલીલો કરી હતી. મુખ્ય સરકારી વકીલ હીતેશ રાવલે આ અંગે જણાંવ્યા મુજબ આ કેસમાં આરોપીને ફાંસીની સજા આપવા માટે કોર્ટ સમક્ષ દલીલ કરવામાં આવી હતી જયારે સેસન્સ કોર્ટના ચુકાદા બાદ આરોપીને વધુ આકરી સજા થાય અલબત્ત ફાંસીની સજા થાય તે માટે ઉચ્ચ અદાલતમાં પણ અપીલ દાખલ કરવામાં આવશે

### સરકારી વકીલ સુનીલ પંડયાએ ૬૩ પાનાની લેખિત દલીલો કોર્ટ સમક્ષ રજુ કરી

સાંતેજમાં ત્રણ વર્ષની બાળકીની હત્યા કરી દુષ્કર્મ આચરવાના કેસમાં ગાંધીનગર સેસન્સ કોર્ટ સમક્ષ સરકારી વકીલ સુનિલ પંડયાએ દલીલ કરતા જણાંવ્યુ હતુ કે ભોગ બનનાર ૩ વર્ષની માસુમ બાળકી ગરીબ પરિવારની હતી. આરોપી વિજય ઠાકોરે રાત્રિના સમયે ગૃહ પ્રવેસ કરી તેને ઉપાડી મારી નાંખી નગ્ન હાલતમાં નાંખી દીધી હતી. માસુમ પર દુષ્કર્મ કર્યુ હતુ. જયારે આરોપીએ ૧૦ દિવસમાં અન્ય બે સહીત કુલ ૩ દિકરીઓ સાથે અઘટીત કૃત્ય આચર્યુ છે. સી સી કેમેરામાં પણ આરોપીના ફુટેજ દેખાયા છે આરોપીના બુટ અને બાઈક અને કપડા પરથી પણ બનાવ સંબંધિત હકીકતો સ્પષ્ટ થઈ છે. સરકારી વકીલે કોર્ટ સમક્ષ ૬૩ પાનાની લેખિત દલીલો રજુ કરી હતી જયારે સમાજમાં આવા ગુન્હાની વિપરિત અસર થતી હોય છે તેમ જણાંવી કોર્ટ સમક્ષ આરોપીને ફાંસની સજા કરવા માટે પણ દલીલમાં જણાંવ્યુ હતુ.

### સરકારી વકીલે રજુ કરેલી દલીલના મુદ્દા



- આ કેસમાં આરોપીની વર્તણુંક અને કૃત્ય સમાજમાં ધૃણા ઉત્તપન્ન કરે તેવુ છે
- આરોપીએ આ પ્રકારના અન્ય બે ગુન્હા દસ દિવસના ટુંકા સમયગાળામાં કર્યા છે.
- ત્રણેય ગુન્હામાં ભોગ બનનાર લાચાર બાળકીઓ હતી જે કોઈપણ પ્રકારનો પ્રતિકાર કરવા સક્ષમ ન હતી
- આરોપીએ ગુન્હો આચર્યા બાદ પુરાવાઓનો નાશ કર્યો છે જે ગુનાહીત માનસિકતા છતી કરે છે
- મરણ જનાર બાળકી તેમજ અન્ય બે ભોગ બનનાર માસુમ બાળકીઓ મજુર પરિવારની હતી આરોપીએ હવસ સંતોષવા નિશાન બનાવી હતી
- આરોપીને આજીવન કેદની નહીં પરંતુ સર્વોચ્ચ અદાલતે ઘણાં કેસમાં ઠરાવ્યુ છે તેમ દેહાંતદંડની સજા પણ કરી શકાય છે.
- સમાજમાં આ પ્રકારના ગુન્હા અટકે તે માટે દાખલો બેસાડવા માટે દેહાંતદંડની સજા અનિવાર્ય છે
- આ પ્રકારના ધૃણાસ્પદ કૃત્ય પર દયા કે ઉદારતા દાખવવી વ્યાજબી અને ન્યાયી નથી તેવુ સર્વોચ્ચ ન્યાયાલયે નિર્ભયતાના કેસમાં ઠરાવ્યુ છે.
- સમગ્ર દેશમાં વર્ષ ૨૦૨૦ માં સગીર બાળકીઓ પર જાતિય સતામણીના ૪૩ હજાર કેસ નોંધાયેલા છે તેમ ભારતના એટર્ની જનરલે સર્વોચ્ચ અદાલત સમક્ષ બોમ્બે હાઈકોર્ટના ચુકાદા વિરુધ્ધ કરેલી અપીલની સુનાવણીમાં જણાંવ્યુ છે.
- આ કેસ રેરેસ્ટ ઓફ ધ રેર કેટેગરીનો છે માટે આરોપી માટે કોઈપણ જાતની દયા રાખ્યા વિના ન્યાયના હીતમાં દેહાંતદંડની સજા કરવા કોર્ટ સમક્ષ અરજ છે

**કેસ શરૂ થયાના નવ દિવસમાં જ ગાંધીનગરની એડીશનલ કોર્ટનો સૌથી ઝડપી ચુકાદો : રાંચરડામાં શ્રમિક પરિવારની ત્રણ વર્ષની માસુમ બાળકીને આરોપી વિજય ઠાકોર બાઇક પર બેસાડી વિરાન જગ્યામાં લઇ ગયો હતો જયાં માસુમ પર દુષ્કર્મ આચરીને નિર્મમ હત્યા કરી હતી : આરોપી સામે અન્ય બે બળાત્કારના ગુન્હામાં પણ ચાર્જશીટ**

## જિલ્લામાં પંચાયતોની ચૂંટણીમાં વધુ ૨૬૩ ઉમેદવારી પત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ૧૭૯ ગ્રામ પંચાયતોની ચૂંટણીનો જંગ હવે ધીરે ધીરે રંગ પકડતો જાય છે. જિલ્લામાં આજે પંચાયતોની આ ચૂંટણીમાં સરપંચ પદ અને સભ્યપદને લઈ ૨૬૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

**સરપંચ પદ માટે ૧૫૧ અને સભ્યપદ માટે ૨૨૨ ઉમેદવારોએ આજ સુધીમાં ઉમેદવારી નોંધાવી છે**

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની વિવિધ પંચાયતોમાં આજે સરપંચ માટે ૯૯ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે જયારે સભ્યપદ માટે ૧૬૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. પંચાયતોની ચૂંટણીમાં સૌથી વધુ ઉમેદવારી પત્રો દહેગામ તાલુકામાં ભરાયા છે.

આજે ગાંધીનગર તાલુકામાં સરપંચ પદ માટે ૩૪ અને સભ્યપદ માટે ૫૮ ઉમેદવારી પત્રો, દહેગામમાં સરપંચ પદ માટે ૪૬ અને સભ્યપદ માટે ૮૨ ઉમેદવારી પત્રો, કલોલ તાલુકામાં સરપંચ પદ માટે ૪ અને સભ્યપદ માટે ૭ ઉમેદવારી પત્રો જયારે માણસામાં સરપંચ પદ માટે ૧૫ અને સભ્યપદ માટે ૧૭ ઉમેદવારી પત્રો ભરાયા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં સરપંચ પદ માટે ૧૫૧ તેમજ સભ્યપદ માટે ૨૨૨ ઉમેદવારી પત્રો ભરાયા છે. આમ આ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં અત્યાર સુધીમાં ૩૭૩ ઉમેદવારી પત્રો ભરાઈ ચુક્યા છે.

ઉમેદવારી પત્ર ભરવા માટે હજુ ૩ દિવસનો સમય છે પણ આ ત્રણેય દિવસ આ અંગેનો ધસારો થશે તે ન થાય તે માટે તંત્રએ પણ તેની તૈયારી કરી લીધી છે એટલુ જ નહિ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે અને ફરજીયાત માસ્ક પહેરે તેવી કાળજી લેવામાં આવી રહી છે. જિલ્લામાં પંચાયતોના આ જંગ ભારે રસાકસીભર્યો બનશે એવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. ચૂંટણી લડતા ઈચ્છુકો દ્વારા જરૂરી પ્રમાણપત્રો મેળવવાની દોડધામ પણ વધી જવા પામી છે.

૪થી ડિસેમ્બર ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. જિલ્લામાં પંચાયતોની ચૂંટણી ચિત્ર ૭મી પછી સ્પષ્ટ થશે.

## ચિંતા : શહેરમાં કોરોનાના નવા ૪ કેસ

### સે. ૧ બાદ સે. ૨ માં વધુ એક નિવૃત્ત ઉચ્ચ અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના એક સાથે ૪ કેસ નોંધાતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આજે નોંધાયેલા કેસ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૫ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે કોરોનાના વધુ ૩ કેસ સે. ૧ માં મળી આવ્યા છે. જયારે એક કેસ સે. ૨ માં મળી આવેલ છે.

સે. ૧ માં ગઈકાલે નોંધાયેલ ઉચ્ચ અધિકારીના પરિવારમાં ત્રણ સભ્યોનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે પરિવારમાંથી ૬૦ વર્ષીય મહિલા અને ૩૮ વર્ષીય પુત્રનો તેમજ ૧૨ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

૬૦ વર્ષીય મહિલા અને ૩૮ વર્ષીય પુત્રએ વેક્સિનના બન્ને ડોઝ લીધેલા છે. જયારે ૧૨ વર્ષીય દિકરી ૧૮ વર્ષથી નાની હોવાથી તેને વેક્સિન લીધી નથી. આ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં ચોથો કેસ સે. ૨ માં નોંધાયો છે. તે પણ રાજય સરકારના નિવૃત્ત ઉચ્ચ અધિકારી છે. તેઓ વારંવાર અમદાવાદ જતા હોવાનું જાણવા મળેલ છે. આ નિવૃત્ત ઉચ્ચ અધિકારીએ પણ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે.

તંત્ર દ્વારા સે. ૨ માં નોંધાયેલ ઉચ્ચ નિવૃત્ત અધિકારીના સંપર્કમાં રહેલા અન્ય પાંચ લોકોના સેમ્પલ લઈ અને તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.

આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે તેને પગલે તંત્રની ચિંતા વધી જવા પામી છે. જો કે હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો જરૂર છે પણ જે કેસો વધી રહ્યા છે તેને પગલે તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ, માસ્ક ફરજીયાતના નિયમની અમલવારી માટે તંત્રને કડક તાકીદ કરી દીધી છે.

શહેરમાં હવે આજે નોંધાયેલ ૪ કેસ સહિત એક્ટીવ કેસની સંખ્યા ૭ પર પહોંચી છે. હોમ આઈસોલેશનના નિયમની અમલવારી થાય તે જોવા પણ તંત્રને જણાવવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે એક જ દિવસમાં ૪ કેસ નોંધાતાં તંત્ર પણ ચોંક્યુ છે. સેકન્ડ વેવમાં સે. ૧ અને સે. ૨ બન્ને સંવેદનશીલ સેક્ટરો રહ્યા હતા. સે. ૨ માં કેસો પણ વધુ નોંધાયા હતા તેથી તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે કડક તાકીદ કરી છે.

### કોરોના અંગે નાગરિકોની બેફિકરાઈથી તંત્રની ચિંતા વધી

ગાંધીનગર શહેરમાં જે ઝડપે કોરોનાના નવા કેસ નોંધાઈ રહ્યા છે અને લોકોની બેફિકરાઈને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે.

વેક્સિનેશનમાં પણ શહેરીજનો ઉદાસીનતા દાખવી રહ્યા છે. નોંધાયેલા કેસોમાં મોટા ભાગના દર્દીઓએ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે પણ તેમણે હોસ્પિટલાઈઝેશન થવાની ફરજ પડી નથી.

શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગની સાથે સાથે ફરજીયાત માસ્કના નિયમની અમલસવારી અસરકારક થાય તેમજ લોકો પણ તે પહેરે તે જરૂરી છે. કોરોના વાયરસથી બચવા માસ્ક પહેરવો અને વેક્સિનના બન્ને ડોઝ જરૂરી છે. લોકો વેક્સિનેશનમાં ઉદાસીનતા ખંખેરે તે આવશ્યક છે.

## વરસાદી છાંટણાના પગલે ખેડુતોમાં ચિંતાના વાદળો ઘેરાયા

રાજયમાં કમોસમી વરસાદના લીધે વાતાવરણ પલ્ટો જોવા મળી રહ્યો છે. ગાંધીનગરમાં પણ નગરજનો વાતાવરણ પલ્ટાથી પ્રભાવિત છે. ગઈકાલે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે વરસાદ ખાબકે તેવી સંભાવના હતી જયારે આજે પણ સવારથી જ આકાશમાં ગોરંભાયેલા વાદળોના લીધે વરસાદી છાંટણા વરસતા વાતાવરણમાં ભીંજારો પ્રવર્તયો હતો. જયારે મોસમના આ બદલાતા મિજાજના લીધે ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા છે. હવામાન વિભાગે ગુરુવારે પણ માવઠાની સંભાવના વ્યકત કરી છે.

## ભર શિયાળે અષાઢ આકાશે ચઢયો : શીતલહેરથી ઠંડીનુ મોજુ

**વાતાવરણ પલ્ટાના લીધે મહત્તમ તાપમાનમાં એક જ રાતમાં ૯ ડીગ્રીની ગિરાવટ : નગરજનો દિવસે પણ ગરમ કપડામાં જોવા મળ્યા : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૪.૫ ડીગ્રીનો તફાવત : વરસાદી છાંટણાથી શહેરમાં ભીંજારાનો માહોલ : નગરમાં હિલ સ્ટેશન જેવો નઝારો શહેરીજનોએ લવલી મોસમની મજા માંણી : આજે પણ માવઠાની અસર રહેશે**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં આજે ભર શિયાળે અષાઢી નઝારો જોવા મળ્યો હતો. અષાઢ આકાશે ચઢતા સવારથી જ વાદળિયા વાતાવરણ સાથે વરસાદના છાંટણા વરસવાનુ શરૂ થયુ હતુ. ગઈકાલે પણ વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ જયારે આજે પણ સવારથી જ આકાશમાં વરસાદી વાદળોની અવરજવર વચ્ચે વરસાદી ઋતુનો નઝારો નગરજનો માટે નયનરમ્ય બન્યો હતો. વરસાદી વાયરા સાથે ભીંજારાના માહોલ વચ્ચે નગરમાં હીલ સ્ટેશન જેવો નઝારો સર્જાયો હતો. નગરજનોએ લવલી મોસમની મજા માંણી હતી. જો કે વાતાવરણ પલ્ટા સાથે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફાર જોવા મળ્યો હતો. એક જ રાતમાં મહત્તમ તાપમાન ૯ ડીગ્રી ગગડયુ હતુ જેના લીધે દિવસનુ તાપમાન ૩૨ માંથી સીધુ ૨૩ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પર વાતાવરણ પલ્ટાની વિપરિત અસર જોવા મળી હતી. જેમાં બે ડીગ્રીના ફેરફારના લીધે ઠંડીનો પારો સરક્યો હતો મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં માત્ર ૪.૫ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. જેના લીધે સવારથી જ મોસમનો નઝારો બદલાયેલો રહેતા નગરજનોએ બર્ફિલી ઠંડી પણ અનુભવી હતી. નગરજનો દિવસે પણ ગરમ કપડામાં સજ્જ જોવા મળ્યા હતા.

ગાંધીનગરમાં હજુ ઠંડીની મોસમ જામી નથી ત્યાં ભર શિયાળે બીજીવાર વાતાવરણ પલ્ટના લીધે માવઠુ થયુ હતુ. થોડા દિવસો અગાઉ પણ વરસાદી વાયરાના લીધે મોસમનો મિજજ બદલાયો હતો. જયારે ગઈકાલથી વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી હતી. ગઈકાલે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જયારે આજે સવારથી જ આકાશમાં વરસાદી વાદળોની અવરજવર રહી હતી જેના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે ભર શિયાળે અષાઢી નઝારો સર્જાયો હતો. સવારે આકાશમાં વાદળો ગોરંભાયેલા રહેતા

● અનુસંધાન પાન-૭ પર





### આજે જિલ્લામાં હળવા વરસાદની સંભાવના વચ્ચે પવનના સુસવાટા ઠંડી વધારશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં કેટલાક છુટાછવાયા સ્થાનો પર ૨ મી.મી. જેટલો હળવો વરસાદ થવાની શક્યતાઓ છે.

દાંતાવીડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૭૦માં આ પૂર્વાનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. ૧લી ડિસે. થી ૫ ડિસે. સુધીનું હવામાન પૂર્વાનુમાનમાં જણાવ્યા મુજબ આગામી પાંચ દિવસમાં મોટે ભાગે આકાશ વાદળછાયુ રહેશે અને છુટાછવાયા સ્થાનો પર હળવો વરસાદ પડવાની શક્યતા છે. મહત્તમ તાપમાન આ દિવસો દરમ્યાન ૨૯ થી ૩૩ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૬ થી ૨૦ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૨ થી ૭૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૨ થી ૨૦ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.


જય સ્વામિનારાયણ

**દુઃખદ અવસાન/બેસણું**



રાણા વિક્રમસિંહજી ભારથુસિંહજી

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **સ્વ. રાણા વિક્રમસિંહજી ભારથુસિંહજી** તા. ૩૦/૧૧/૨૦૨૧ના રોજ દેવલોક પામેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે. **સદ્દગતનું બેસણું તા. ૩/૧૨/૨૦૨૧નો શુક્રવારના રોજ સવારે ૯ થી ૨ કલાક સુધી** રાખેલ છે.

**સ્થળ : ધણપ કેનાલની બાજુમાં, ધણપ, તા.જી. ગાંધીનગર**

લિ.

રાણા રાજનસિંહ વિક્રમસિંહ (પુત્ર) - ૯૧૫૭૧૮૮૪૫૧

રાણા સુરેન્દ્રસિંહ દશરથસિંહ (ભત્રીજો) રાણા જયદિપસિંહ જસવંતસિંહ (ભત્રીજો)


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com